જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૭/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨ ક્વોર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૯૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૯૩/૨૦૨૬**

ચાંદખેડાઃ જગતપુર માલાબાર કાઉન્ટી રોડ ખાતે નવી બનતી "બ્લ્યુ બેલ" નામની સાઈટની લેબર કોલોનીમાં રહેતા અને ત્યાંજ કામ કરતા દિનેશભાઈ કેશીયાજી મીણા (મુળ વતનઃ– ગામ. પારસોલા, હીરાવાસ, તા.દરિયાવલ જી.પ્રતાપગઢ રાજસ્થાન) નાઓનો આશરે અઢી વર્ષનો પુત્ર અનિલ તા.૧૬/૦૭/૨૦૨૬ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી "બ્લ્યુ બેલ" સાઈટના "બી" બ્લોકના સાતમા માળે રમતા–રમતા બાલ્કની ની રેલીંગ પાસેથી નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેને કે.ડી હોસ્પીટલ ખાતે દાખલ કરેલ હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૭/૨૦૨૬ સાંજના ૫/૪૫ વાગે તેનુ મૃત્યુ નિપજયુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૯૪/૨૦૨૬**

વેજલપુરઃ વારીસ સ/ઓ ઉસ્માનભાઇ ઘાંચી (ઉ.વ.૨૭)(રહે.હુસેનપાર્ક વિભાગ–૦૨, અલફેજ મેડીકલની ગલી, બરફની ફ્રેકટરી જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૬ બપોરના ૩/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પહેલા માળે આવેલ રૂમની છતની એંગલ સાથે ઇલેકટ્રીક વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

મેઘાણીનગરઃ દશરથભાઇ નટવરભાઇ પટણી (ઉ.વ.૨૯)(રહે.ઔડાના મકાન સફલ–૫ બિજનેશ પાર્કની બાજુમા ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૬ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

નારોલઃ દુર્ગવિજય લાલજી જાતે રામ (ઉ.વ.૨૦)(રહે.શ્રીરામ નગર, રંગોલીનગર, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૭/૨૦૨૬ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

રામોલઃ રંજનબહેન વા/ઓ દિલીપભાઇ ગોહીલ (ઉ.વ.૨૬)(રહે.મંદીરવાળા વાસની સામે, વસ્ત્રાલ ગામ રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી